નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫

અનુસૂચિત જનજાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ / દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજના બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-ન.બા.૪૨-ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૬/૦૮/૨૦૧૪

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૨/૦૧/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક: ટીએપી/૨૦૯૭/૧૭૮/ઘ

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૨૪/૦૪/૨૦૧૪નો પત્ર ક્રમાંક: જીટીડીસી/ વવસ/ વિ.વા./નવી બાબત/વર્ષ/૩૬૬ થી ૩૬૭/૨૦૧૪

## આમુખ :-

આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૯/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-ન.બા.૪૨-ઘ રદ કરવામાં આવેલ છે. નવો ઠરાવ નીચે મુજબ છે.

## ઠરાવ :-

હાલની અસહ્ય મોંઘવારીમાં અનુસૂચિત જનજાતિના ઇસમોને વ્યવસાયનું સ્થળ ખરીદવા રૂ.૬૦,૦૦૦/- લોન અને રૂ.૧૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે. આ રકમ અપૂરતી હોવાથી અનુસૂચિત જનજાતિના ઇસમોને આ યોજના હેઠળ આપવામાં આવતી લોનની રકમ અપૂરતી હોઇ અને હાલના સમયમાં સ્થાવર મિલકતો અને જમીનના ભાવોમાં વધારો થયેલો હોવાથી આ યોજના હેઠળ મંજુર કરવામાં આવતી લોનની રકમ પર વ્યાજ સહાય આપવી જરૂરી હોવાથી વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા વંચાણે લીધા ક્રમાંક: (૨)થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને વહિવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ / દુકાન ખરીદવા લોન સહાય યોજનામાં લોનની રકમ પર વ્યાજ સહાય આપવાની રૂ.૫૦/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

## શરતો :-

(૧) આ યોજનાનો અમલ ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ કોર્પોરેશન મારફત કરવાનો રહેશે.

(૨) આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા રાહત દરે લોન આપવામાં આવશે. અને રાજ્ય સરકાર દ્વારા વ્યાજ સબસીડી ચૂકવવામાં આવશે.

(૩) લાભાર્થી બેંકેબલ યોજના હેઠળ લોન લે અને ૪% વ્યાજ વ્યક્તિ ભોગવે, વધુમાં વધુ રૂ.૧૦ લાખની લોન ઉપર ૪% થી ઉપરના વ્યાજની સહાય રૂ.૧૫૦૦૦/- ની મર્યાદામાં વધુમાં વધુ ૩ વર્ષ માટે આપવાની રહેશે.

(૪) શહેરી વિસ્તારમાં રૂ.૧૦.૦૦ લાખની અને અન્ય વિસ્તારોમાં રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં લોન મંજુર કરવાની રહેશે. આ લોન મેળવવા માટે લાભાર્થીની આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખની રહેશે.

(૫) ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ધિરાણ અંગેની નીતિ બાજપેયી બેંકેબલ યોજના અને કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા અમલ થતી બેંકેબલ યોજનાના ધોરણે યોજના તૈયાર કરવાની રહેશે. જેને રાજ્ય સરકારની મંજુરી મેળવી અમલમાં મુકવાની રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજુરી અન્વયે ફાળવેલ રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના ધોરણો અને લોનની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૬ આયોજન, મુખ્ય સદર- ૬૨૨૫-અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, પેટા સદર: ૦૪ અનુસૂચિત જનજાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે લોન સહાય આપવાની યોજના, બાબત નંબર: [illegible]વ્યવસાયિક ધંધા માટે અનુસૂચિત આદિજાતિના અરજદારોને નાણાકીય સહાયકી હેઠળ ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૨૩/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે. પટેલ)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ. ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી.સેગ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.